dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC

VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

July-August 2014 | For private circulation only | Vol. 06 - Issue 134-35

શિક્ષણનો હેતુ ચારિત્ર્યનું ઘડતર કરવાનો છે. ઈષ્ટ આદર્શો વ્યકિતના હૃદયને સ્પર્શવા જોઈએ; તેની લાગણી તેમજ રુચિઓમાં જીવંત રહેવા જોઈએ. એક સારો નાગરિક કેમ વર્તે છે એ વિશેનું દુનિયામાંનું સંપૂર્ણ જ્ઞાન પણ તે ધરાવનાર વ્યકિત તે મુજબ જ વર્તશે એની ખાતરી ન આપી શકે. એ જ્ઞાનને વર્તનમાં મૂકવાની-વ્યવહારમાં ઉતારવાની તાલીમ સૌને મળવી જોઈએ, કેમ કે સારા નાગરિકો પાસે જેવાં કામોની અપેક્ષા રાખવામાં આવે છે તેવાં કામો કરીને જ સારા નાગરિક બની શકાય છે. આથી સદાચાર તેમ જ યોગ્ય વ્યવહારની તાલીમ આપણી શાળાઓમાં અનિવાર્ય બને છે. આપણું ધ્યેય માત્ર સારા થવાનું નહીં પરંતુ કોઈ ધ્યેય માટે સારા થવાનું હોવું જોઈએ.

**ડો. જી. એસ. ક્રિષ્ણાય્યા**

## દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

સમાજને સક્ષમ, સજ્જ અને ઉન્નત બનાવવા માટે શિક્ષણ અત્યંત પ્રબળ પરિમાણ છે. શિક્ષણના પ્રભાવથી વ્યકિતના નિજત્વ અને સામૂહિક ચેતનાનો પરિપૂર્ણ વિકાસ થાય છે. સવિશેષપણે, શિક્ષણ યુવાચેતનાને પ્રજ્જવલિત કરવામાં નિયંત્રક પરિબળ બને છે.

દક્ષિણ આફ્રિકાના પૂર્વ-પ્રમુખ નેલ્સન મંડેલાએ કોઈ પણ રાષ્ટ્ર કે સમાજના નવા યુગના નિર્માણ માટે શિક્ષણ તેમ જ યુવાવિકાસને મહત્વપૂર્ણ ગણાવ્યું છે. એમણે માન્યું છે કે દક્ષિણ આફ્રિકાના નવ્ય સ્વરૂપ તથા નવોદય માટે શિક્ષણ એના તમામ પરિમાણોમાં અનિવાર્ય છે.

દાઈસાકા ઈકેડ (Daisaka Ikeda) જે Soka Gakai International સંસ્થાના પ્રમુખ છે. એમની તીવ્ર પ્રતીતિ રહે છે કે શિક્ષણ મનુષ્યજાતિના વિકાસ માટે સક્ષમ સારથિની ભૂમિકા અદા કરે છે. એમના મંતવ્ય અનુસાર શિક્ષણ એવી મશાલનો પ્રકાશ છે જે વ્યકિતની ગરિમાને અજવાળી આપે છે તેઓ એમ પણ કહે છે કે શિક્ષક એ માત્ર કોઈ રાષ્ટ્ર વિશેષનું જ નહીં, સમગ્ર મનુષ્યતાનું ભાવિ નિર્મિત કરે છે. નેલ્સન મંડેલાએ એમના જીવનના સૌથી કટોકટીભર્યા ૨૭ વર્ષો જેલમાં વિતાવ્યા, અને એ પણ રચનાત્મક રીતે, એનું કારણ એમની શિક્ષણ તથા પરિષ્કૃત વાચનમાં તીવ્ર અભિરુચિ હતી. એમની એકમાત્ર મહત્વાકાંક્ષા હતી કે પોતાનો દેશ સ્વતંત્ર થાય, વિદેશી શાસનનું બંધન છૂટે અને શાંતિપૂર્ણ સહઅસ્તિત્વનો સમાજ રચાય. શિક્ષણ વ્યકિત, સમાજ તેમજ રાષ્ટ્ર ઉપરાંત સમગ્ર મનુષ્યતાની ત્રિવિધ શાંતિ, સખ્ય તેમજ સહઅસ્તિત્વનું કેન્દ્રીય પ્રેરક બળ છે.

શિક્ષણની વિશેષતા એ છે કે, તે આખરે માનવીને ચિરંતન સુખ તરફ ઉન્નત કરે છે. વિપરીત સંજોગોમાં સહનશીલ બનવું, હતાશા અથવા નિષ્ફળતાનો સમય આવે ત્યારે પોતાની જાતને વધારેમાં વધારે મજબૂત બનાવવી. અને સૃષ્ટિનું કે જીવતત્ત્વનું જે સર્વોતમ છે તેને પામવાની ગુરુચાવી શિક્ષણમાં છે. આપણી દૃષ્ટિ, વિચાર અને સંવેદનશીલતાને વિશાળ કરીને વિશ્વસ્તરે લઈ જવામાં શિક્ષણની પાયાની ભૂમિકા રહેલી છે. બ્રહ્માંડના રહસ્યોની સાથે સાથે માનવજીવનનાં અગણીત રહસ્યો ઉજાગર કરવામાં પણ શિક્ષણનું મહત્વપૂર્ણ સ્થાન છે એના અસ્વીકારનો તો સવાલ જ નથી.

અત્યારનું આપણું શિક્ષણ માળખું આશાના મોજા ઉછાળે તેવું જણાતું નથી. રાષ્ટ્રની આવતીકાલને નજર સમક્ષ રાખીને કરવા જોઈતા જરૂરી ફેરફારો ખૂબ ઝડપથી અમલમાં મૂકવા આવશ્યક જણાય છે. બદલતા સમય સાથે આપણું શિક્ષણ હોંશભેર તાલ નહીં મેળવી શકે તો ભારે નુકશાન રાષ્ટ્રએ વેઠવું પડશે એમ જાણ્યા પછી શિક્ષણવિદ્ ઉમાશંકર જોશી કહે છે તેમ "આવતી કાલની કેળવણીના પ્રકાર વિશે સચિંત થઈ જવું જોઈએ. અને ખાઈ પરવારેલા, પાછળના કોઈને કોઈ યુગના ખાબોચિયામાં મસ્ત થઈને પડયા રહેલા 'કેળવણીકારો'થી કેળવણીને બચાવવી જોઈએ."

એક ફરિયાદ સતત થતી રહી છે અને આપણને સંભળાતી રહી છે આજની આપણી શિક્ષણ પધ્ધતિએ ડોકટર, એન્જીનિયર, વકીલ.... અને એવા પ્રકારના કેટલા ય બધા લોકો સમાજને-રાષ્ટ્રને આપ્યા પરંતુ સારા માણસો સમાજ કે રાષ્ટ્રને આપવામાં સફળ નથી રહી. માણસને 'માણસ' બનાવે તેવું શિક્ષણ અને તે આપવાની પધ્ધતિ હવે અનિવાર્ય જણાય છે. એમ થશે તો માનવનિર્માણ સાથે મળીને આ અંગેની ચિકિત્સા અને એનો ઉપચાર ન કરી શકીએ ?

તા. ૧૫ ઓગષ્ટ, ૨૦૧૪

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## શુભેચ્છા



કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરને કુલપતિના માનવંતા પદ પર પુનઃ નિયુકત  કરવામાં આવ્યા છે. કુલપતિશ્રીને તા. ૨૧/૭/૧૪ના રોજ કુલચિવશ્રી ડૉ. જે. આર. મેહતાના અધ્યક્ષસ્થાને યુનિવર્સિટીના અધિકારશ્રીઓ દ્વારા શુભેચ્છાઓ અર્પણ કરવામાં આવી હતી. કુલસચિવશ્રી ડૉ. જે. આર મેહતાએ કુલપતિશ્રીને શુભેચ્છાઓ આપતાં યુનિવર્સિટીના વિકાસ માટે સહયોગ આપવાની સંપૂર્ણ નિષ્ઠા દર્શાવી હતી. કુલસચિવશ્રી ડૉ. જે. આર. મેહતાએ શુભેચ્છાના પ્રતીક રૂપે હાર અને ગુલદસ્તો એનાયત કર્યો હતો. અને હાર્દિક શુભેચ્છા પાઠવી હતી. તદ્પરાંત યુનિવર્સિટીના સૌ અધિકારીઓએ પણ કુલપતિશ્રીને શુભેચ્છા સ્વરૂપે ગુલાબ અર્પણ કર્યા હતાં. કુલપતિશ્રીએ સૌ અધિકારીઓનો આભાર માનતાં યુનિવર્સિટીના વિકાસ માટે કાર્ય કરવા હાકલ કરી હતી.




## સન્માન કાર્યક્રમ




કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરની કુલપતિ પદે પુનઃ નિયુક્તિ થતાં કર્મચારી મંડળ દ્વારા તા. ૨૩/૭/૧૪ના રોજ સન્માન સભાનું આયોજન યુનિવર્સિટીના સેનેટ હોલમાં કરવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સિટી પરિવારના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહયા હતા. કુલસચિવશ્રી ડૉ. જે.આર. મહેતાએ કુલપતિશ્રીનું સાલ અને પુષ્પગુચ્છથી સન્માન કર્યું હતું. યુનિયનના પ્રમુખશ્રી-ઉપપ્રમુખશ્રીએ પુષ્પગુચ્છથી સ્વાગત કરીને કુલપતિશ્રીનું સાલ ઓઢાડી સન્માન કર્યું હતું. કુલસચિવશ્રી ડૉ. જે. આર. મહેતાએ કુલપતિશ્રીને શુભેચ્છા આપતાં જણાવ્યું હતું કે, ‘સમગ્ર યુનિવર્સિટી પરિવાર આપની સાથે જ છે, હતા અને છીએ અને રહીશું.’ અમો આપને યુનિવર્સિટીના સર્વાંગી વિકાસ માટે તન-મનથી સેવાઓ આપીશું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, યુનિવર્સિટી આપના થકી વિકાસ પામે એવી અભ્યર્થના પાઠવી હતી. કુલપતિશ્રીએ સૌનો આભાર માનતાં જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતની ભૂમિ મને ગમે છે અને અહીના બધા જ લોકો ખૂબ સરળ અને નિખાલસ છે. કાર્યક્રમનું સંચાલન ડૉ. રોમન ભાટિયાએ કર્યું હતું. જ્યારે કાર્યક્રમની આભારવિધિ ડૉ. પ્રકાશ બચરવાળાએ કરી હતી.













## રિસર્ચ સેન્ટર

યુનિવર્સિટીના નવનિર્મિત 'રિસર્ચ સેન્ટર'નો પ્રારંભ કરવામાં આવેલ છે. આ રિસર્ચ સેન્ટરમાં એમ.ફિલ.ના ડિઝરટેશન અને પીએચ.ડી.ના થિસીસને સંગ્રહિત કરવામાં આવેલ છે. તદ્‌પરાંત ઈન્ટરનેટની સુવિધા ધરાવતાં કમ્પ્યૂટર્સ પણ ઉપભોક્તાઓ માટે ઉપલબ્ધ છે. ઉપભોક્તાઓ ઓફિસ સમય દરમ્યાન તથા દર મહિનાના બીજા અને ચોથા શનિવારે પણ રિસર્ચ સેન્ટરનો ઉપયોગ કરી શકશે.

## માર્ગદર્શન કેન્દ્ર

યુનિવર્સિટીના તમામ અનુસ્નાતક ભવનોના વડાશ્રીઓ તથા સ્વનિર્ભર અભ્યાસક્રમોના કો-ઓર્ડિનેટરશ્રીઓને યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનો તથા યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના મનોવૈજ્ઞાનિક પ્રશ્નો કે સમસ્યાઓમાં માર્ગદર્શન-પ્રાપ્ત થઈ રહે તે માટે યુનિવર્સિટી દ્વારા "મનોવૈજ્ઞાનિક સલાહ-માર્ગદર્શન કેન્દ્ર" લાલા લજપતરાય ચિંતન કેન્દ્ર, વિવેકાનંદ કેન્દ્રની પાછળ, યુનિવર્સિટી કેમ્પસ ખાતે શરૂ કરવામાં આવેલ છે. સદર સેન્ટર ખાતે વિદ્યાર્થીઓને અઠવાડિયાના દર બુધવાર તથા શુક્રવારના રોજ (જાહેર રજા સિવાય) સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાક દરમ્યાન વિના મૂલ્યે સલાહ-માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. સદર સેવાનો લાભ લેવા વિદ્યાર્થીઓને જણાવવા નમ્ર અનુરોધ છે.

## યુ.જી.સી. અનુદાન

યુનિવર્સિટીના રસાયણશાસ્ત્ર વિભાગને યુનિવર્સિટી ગ્રાંટ કમિશન ન્યુ દિલ્હી તરફથી ૧ કરોડ ૪૮ લાખ રૂા.નું માતબર અનુદાન આપવામાં આવેલ છે. સ્પેશ્યલ આસીસ્ટન્સ પ્રોગ્રામ (SAP) હેઠળ રસાયણશાસ્ત્ર વિભાગને આ શૈક્ષણિક અનુદાન પ્રાપ્ત થયેલ છે. આ અનુદાન મેળવવા માટે વિભાગના હેડ અને SAPના કો-ઓર્ડિનેટર પ્રો. કે. સી. પટેલ તેમજ ડેપ્યુટી કો-ઓર્ડિનેટર પ્રો. ભાવનાબેન શાહે યુજીસી, ન્યુ દિલ્હી ખાતે માહિતી સભર ઉત્તમ પ્રેઝન્ટેશન આપ્યું હતું. આધુનિક સમયના ખૂબ જ મહત્વના અને ઉપયોગી એવા નેનો પાર્ટીકલ્સ, પોલીમર, દવાઓ, પર્યાવરણ તેમજ ઉદ્દીપકીય સંશોધનો માટે રસાયણ ભવન દ્વારા એક દરખાસ્ત રજૂ કરવામાં આવેલ, જેનો યુ. જી. સી. દ્વારા નિયુકત રાષ્ટ્રીય કક્ષાના તજજ્ઞો દ્વારા સમલાપ કરી સ્વીકાર કરવામાં આવેલ. આ ખૂબ જ ઉપયોગી વિષયના આધુનિક સંશોધનોને વધુ વેગવંતી બનાવવા માટે આ અનુદાન આપવામાં આવેલ છે. રસાયણ વિભાગને મળેલ આ અનુદાનને લીધે ભવનમાં સંશોધન કરતા પ્રાધ્યાપકો તેમજ સંશોધન કરતા વિદ્યાર્થીઓને તેમના સંશોધન માટે આધુનિક વૈજ્ઞાનિક સાધનોની ઉપલબ્ધિ થશે. એટલુ જ નહિ પ્રસ્તુત અનુદાનને લીધે દક્ષિણ ગુજરાતના રાસાયણિક ઉદ્યોગોના એકમોને પણ તેમના રસાયણોના પરીક્ષા માટેનો લાભ પ્રાપ્ત થશે. સમગ્ર યુનિવર્સિટીના ઈતિહાસમાં આટલી મોટી રકમ એટલે કે દોઢ કરોડનું અનુદાન મેળવનાર રસાયણશાસ્ત્ર વિભાગ સૌ પ્રથમ યશભાગી બન્યું છે. આમ આ અનુદાન યુનિવર્સિટી અને રસાયણશાસ્ત્ર વિભાગની પ્રતિભામાં યશસ્વી કલગી સમાન છે. વિભાગના શિક્ષકો, વહીવટી કર્મચારીઓ તેમજ તમામ સંશોધનકર્તા વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે. કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર, કુલસચિવશ્રી ડૉ. જે. આર. મેહતા પણ આ યશના સહભાગી હોઈ તેઓએ વિભાગના હેડ પ્રો. કે. સી. પટેલ તથા સમગ્ર શૈક્ષણિક તેમજ વહીવટી કર્મચારીઓને અભિનંદન પાઠવેલ છે.

## કોન્ફરન્સ

યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. કિશોરભાઈ સી. પોરીયા દ્વારા ત્રિવેન્દ્રમ (કેરાલા) ખાતે યોજાયેલ પાંચમો આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ ઓન પ્રોસ્પેકટીવસ ઈન વાઈબ્રેશનલ સ્પેકટ્રોસ્કોપી (આઈકોપીવીએસ-૨૦૧૪)માં સક્રિય ભાગ લઈ ત્રણ સંશોધન પત્રોની રજુઆત કરી હતી. આ કોન્ફરન્સનું ઉદ્ઘાટન કેરાલાના મુખ્ય મંત્રી ચોમેન ચાન્ડી દ્વારા મસ્કોત હોટલ ખાતે થયેલ હતું. અને તા. ૮ થી ૧૨ જુલાઈ દરમ્યાન યોજાયેલ કોન્ફરન્સમાં ૧૮ દેશોમાંથી આવેલા અંદાજે ૫૦ વિદેશી વૈજ્ઞાનિકોએ પોતાનાં સંશોધન કાર્યોની રજુઆત કરી હતી. આંખોની સર્જરી, ચામડીની સંભાળ, કેન્સર માટેની દવાઓનાં બંધારણ અને થવાનાં કારણો, ટેકનોલોજી ક્ષેત્રે વિકસતાં નવા ક્ષેત્રો ઓપ્ટો ઈલેકટ્રોનિકસ, નેનો ટેકનોલોજી, અવકાશ વિજ્ઞાન અને પર ગ્રહો થઈ રહી મુલાકતો અને તેના પર રહેલાં દ્રવ્યોના બંધારણ જેવાં અનેક ક્ષેત્રોમાં સ્પેકટ્રોસ્કોપીનો વધી રહેલી જરૂરીયાત અને તેમાં રામન સ્પેકટ્રોસ્કોપીનાં મહત્વ અંગે વિશદ્ ચર્ચા વિચારણાઓ થઈ હતી. પ્રો. પોરીયાએ પોતાનાં વિદ્યાર્થીઓ દ્વારા થઈ રહેલી સંશોધન કાર્ય કીડની

સ્ટોનનાં અભ્યાસમાં એફ. ટી. આઈ. સ્કેનીંગ ઈલેકટ્રોન માઈસ્ક્રોસ્કોપી અને ઈલેકટ્રોનીક ડીસ્પરઝીવ એનાલીસીસ જેવાં ભૌતિકીય વિશ્લેષણીય સાધનોથી થયેલ અભ્યાસની તથા અતિ સરળ અને સસ્તી રીતથી  વિકસાવવામાં આવેલ "થાયો યુરિયા" ક્રીસ્ટલનો ટેકનોલોજી ક્ષેત્રમાં ઈલેકટ્રોનિકસ તથા લેસર ટેકનોલોજી માટેની આવશ્યકતા અને તેનાં વિવિધ નોન લીનયર ઓપ્ટીકલ ગુણધર્મો અંગેની રજૂઆતો કરી હતી. કેરાલાની લોકલ ટી.વી. ચેનલ "ફોલો મી" પર પ્રો. પોરીયાનાં આ કોન્ફરન્સ અંગે મંતવ્યો લેવામાં આવ્યા હતાં અને તેનું પ્રસારણ કરવામાં આવ્યું હતું.

## ગૌરવ

યુનિવર્સિટીના એકવેટિક બાયોલોજી વિભાગ દ્વારા અદ્યતન પ્રયોગશાળા તૈયાર કરવામાં આવી છે. જેમાં પેકેજડ ડ્રિન્કિંગ વોટરમાં વિકિરણોનું પૃથકરણ કરવામાં આવશે. આ પ્રયોગશાળાને ભારત સરકારના એટોમિક એનર્જી રેગ્યુલેટરી બોર્ડ દ્વારા રાષ્ટ્રીય કક્ષાની માન્યતા પ્રાપ્ત થઈ છે. આ અંગે કુલપતિશ્રી ડૉ. દક્ષેશભાઈ ઠાકર અને એકવેટિક બાયોલોજી વિભાગનાં વડા ડૉ. મોહિની ગઢિયા ગર્વ સાથે જણાવે છે કે ગુજરાત રાજ્યની પહેલી અને ભારતની બીજી યુનિવર્સિટી છે તેનો સમગ્ર ગૌરવ અને બહુમાન વીર  નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને પ્રાપ્ત થાય છે. ટુંક સમયમાં આ પ્રયોગશાળા કાર્યરત થશે. પેકેજડ ડ્રિન્કિંગ વોટર બનાવતી કંપનીઓને સરકારના નિયમ પ્રમાણે આલ્ફા અને બીટા વિકિરણોનું પરીક્ષણ કરાવીને પ્રમાણપત્ર મેળવવાનું ફરજીયાત હોય છે. તે પ્રમાણપત્ર હવેથી એકવેટીક બાયોલોજી વિભાગ દ્વારા પણ મેળવી શકાશે. તે માટે બધા આધુનિક સાધનો તૈયાર છે. આ કાર્ય વિભાગ અને યુનિવર્સિટીના ઘનિષ્ટ પ્રયત્નોથી સફળ થયું છે. કાકરાપાર અણુમથકમાં આવી પ્રયોગશાળા ચાલે છે. જેનો પૂર્ણ સહકાર યુનિવર્સિટીની પ્રયોગશાળાને પ્રસ્થાપિત કરવામાં આવ્યું છે. એકવેટિક બાયોલોજી વિભાગને આ એક નવી દિશા મળેલ છે આ પરીક્ષણથી જે આવક થશે તેનો ઉપયોગ વિભાગ માટે કરવામાં આવશે.

## Ph.D.

A list of Theses accepted by Veer Narmad South Gujarat University, Surat.

**CHEMISTRY**

1 Patel, Bharati Pankaj. **Synthesis and characterization of novel homopolysters and copolyesters based on s-Triazine in the main chain.** (Dr.K.C.Patel), Professor, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat. (28-3-2014).

2 Patel, Rajnikant Bharatbhai. **Synthesis and Studies of some new heterocyclic compounds of medicinal interest.** (Dr. Anjani N. Solankee), Assistan Professor, B.K.M. Science College, Valsad. (2-1-2014).

3 Patel, Yogeshkumar Manilal. **Synthesis of medicinally important heterocyclic compounds containing sydnone moiety.** (Dr. K.C.Patel), Professor, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat. (24-1-2014).

4 Shaikh, Faiyazalam Mahmad Saiyad. **Exploration of newer glitazone analogues : Synthesis and biological activities.** (Dr. N.B.Patel), Professor, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat. (28-3-2014).

**COMPARATIVE LITERATURE**

1 Desai, Mukundrai Gunvantrai. **Bhartiya navalkathamaa dampatyajivan: Ek vishayvastulakshi tulnatmak abhyas [shimala na ful (Gujarati), Gruhdah (Bangali), Aapka banti (Hindi) ane Pattana mahel (Telugu) naa vishesh sandarbhe].** (Dr. Damyantiben Parmar), Professor & Head, Department of Comparative Literature, Veer Narmad South Gujarat University, Surat. (6-1-2014).

**ECONOMICS**

1 Jariwala, Vijay Sureshchandra. **Demand for money in India – An econometric analysis.** (Shri M. B. Dave), Ex. Associate Professor, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat. (13-12-2013).

**EDUCATION**

1 Patel, Rashmikant Ambubhai. **Madhyamik shikshan prashikshan kakshaye aankdashashtra ekam par computer aadharit karyakramni asarkarakta.** (Dr. Jayendrasinh P. Gohil), Principal, Smt. V. R. Bhakta College of Education, Kamrej Char Rasta, Surat. (12-12-2013).

2 Shrivastava, Krishnakant Bijendrasahai. **Panchmahal ane dahod jillana prathmik shalana shikshakona jivanmulyo, karyasantosh ane samasyaono abhyas.** (Dr. Ganeshbhai S. Parmar), Professor & Head, Department of Education, Veer Narmad South Gujarat University, Surat. (17-1-2014).

3 Tandel, Shishir Govindbhai. **Dhoran-11 naa arthshashtra vishaynaa adhyayanmaa computer karyakramoni asharkaraktano prayogik abhyash.** (Dr. Rajendrabhai B. Patel), Associate Professor, Department of Education, Veer Narmad South Gujarat University, Surat. (17-1-2014).

**GUJARATI**

1 Chaudhari, Ashokkumar Vadshingbhai **Kavi-nibandhkar Chandrakant Sheth.** (Dr. Jagdish M. Gurjar), Professor & Head, Department of Gujarati, Veer Narmad South Gujarat University, Surat. (28-3-2014)

**HINDI**

1 Gupta, Phoolchand Jagatnarayan. **Ikkishvi sadi ke pratham dashak ke hindi upanyaso me naari, dalit evam vargiya-chetna.** (Dr. Uttambhai Patel), Assistant Professor, Shri Vanraj Arts and Commerce College, Dharampur.(16-12-2013).

**LIBRARY AND INFORMATION SCIENCE**

1 Mehta, Falguni Pushkarbhai. **Library management in arts & commerce colleges affiliated to the Veer Narmad South Gujarat University.** (Dr. Himjaben J. Vyas), Librarian, U.T.S. Mahila Arts College, Nadiad. (14-2-2014).

**MANAGEMENT**

1 Barad, Hajabhai Dhanabhai. **A study on role of financial institutions in development of micro, small & medium enterprises (MSMEs) of Junagadh district.** (Dr. Jaydip Chaudhari), Associate Professor, Department of Business & Industrial Management, Veer Narmad South Gujarat University, Surat. (2-1-2014).

**MATHEMATICS**

1 Chauhan, Khagenrai Jayantkumar. **Group theoretic similarity solutions of diffusion equations**. (Dr. D.M.Patel), Ex. Assistant Professor, Sir P. T.

Sarvajanik College of Science, Surat. (5-12-2013).

2 Lad, Kruti Kanaiyalal. **Group transformation methods in the study of some fluid flow problems.** (Dr. M.G.Timol), Professor, Department of Mathematics, Veer Narmad South Gujarat University, Surat. (13-1-2014).

3 Tailor, Ravi Manojkumar. **E-value-vector analysis of linear and nonlinear differential system.** (Dr. P.H.Bhalawal), Ex. Professor & Head, Department of Mathematics, Veer Narmad South Gujarat University, Surat. (13-1-2014).

**PHARMACEUTICAL SCIENCE**

1 Gupta, Arti. **Development of newer herbal hepatoprotective formulation (S).** (Dr. N.R.Sheth), Professor & Head, Department of Pharmaceutical Science, Saurashtra University, Rajkot. (12-12-2013).

**PHYSICAL EDUCATION**

1 Acharya, Prahleshkumar Venishankar. **Aantar vishvavidhyalay kakshaye handball ane volleyball ramatmaa bhag lidhela kheladioni ramat chinta ane samyojanno tulnatmak abhyas.** (Dr. C.B.Kagathara), Princilal, Shri C. P. Degree College of Physical Education, Rajpipla. (4-2-2014).

2 Niak, Jaymal Sureshbhai. **Juda juda samajik-aarthik darajjo dharavta vividh starna cricketnaa kheladiono manshik swasthiya ane sidhdhiprernano tulnatmak abhyas.** (Dr. C.B.Kagathara), Princilal, Shri C. P. Degree College of Physical Education, Rajpipla. (4-2-2014).

**PHYSICS**

1 Magrola, Mehulkumar Hasmukhlal. **Synthesis characterization and study of influence of alkaline earth/transition metal dopants in TiO2 nanoparticles.** (Dr.Vibhuti G. Joshi), Professor, Department of Physics, Veer Narmad South Gujarat University, Surat. (15-3-2014).

**POLITICAL SCIENCE**

1 Vasava, Surajben Budhabhai. **Strio ane panchayat "Arand jilla panchayat ane Bharuch jilla panchayatma mahilaoni rajkiya bhagidarino tulnatmak abhyas.** (Dr. G.B.Shukla), Ex. Assistant Professor, H. R. Shah Mahila Arts & Commerce College, Navsari. (07-01-2014).

**PSYCHOLOGY**

1 Joshi, Jyotika Subhashchandra. **A comparative study of migraine patients of Valsad district.** (Dr. Samir J. Patel), Professor & Head, Department of Psychology, Sardar Patel University, Vallabh Vidyanagar. (30-12-2013).

## M. Phil.

A list of Dissertations accepted by Veer Narmad South Gujarat University, Surat.

**CHEMISTRY**

1 Patel, Vijaykumar Dahyabhai. **Synthesis of some hot brand reactive dyes and their application of various fibres.** (Dr. Paresh S. Patel), Assistant Professor, Narmada College of Science & Commerce, Zadeshwar. (15-2-2014).

**COMMERCE**

2 Basrani, Bharat Narayandas. **Customer's perception of retail banking services of selected indian banking sector in India : A comparative study of SBI, ICICI bank and Surat people's co-operative bank in surat city.** (Dr. Girish N. Rana), Assistant Professor, J. Z. Shah Arts & H. P. Desai Commerce College, Amroli, Surat. (24-12-2013).

3 Khengar, Krunalsinh Ishwarsinh. **Comparative study of development of the people in tribal talukas mandvi and songadh due to van bandhu kalyan yojna using statistical methods.** (Dr. P. M. Patel), Assistant Professor, H. R. Shah Mahila Arts & Commerce College, Navsari. (2-1-2014).

4 Kosambia, Bhairavee Rameshbhai. **A study on the impact of advertisement on buying behaviour of teenagers in surat city.** (Dr. Martina Noronha), Vice Principal, S.P.B. English Medium College of Commerce, Athwalines, Surat. (10-1-2014).

5 Mistry, Mehul Maheshbhai. **Financial Analysis (A study of selected cement companies).** (Dr. Kumudini R. Thakor), Assistant Professor, Navyug Commerce College, Surat. (13-1-2014).

6 Patel, Bhaviniben Karsanbhai. **A comparative study – The financial performance of private sector, public sector and cooperative sector in banks.** (Dr. Girish N. Rana), Assistant Professor, J. Z. Shah Arts & H. P. Desai Commerce College, Amroli, Surat. (2-1-2014).

7 Patel, Varshaben Laxmanbhai. **An analysis of the financial statements a study of pandvai sugar factory.** (Dr. Rajeshkumar P. Patel), Assistant Professor, Shree S.J.S.B. Commerce College & Shree S.S.K.U. Arts College, Olpad. (20-12-2013).

8 Shah, Banti Kiritkumar. **A detailed study on demography of surat city from the perception of gender ratio.** (Dr. Sejal Desai), Assistant Professor, J. Z. Shah Arts & H. P. Desai Commerce College, Amroli, Surat. (2-1-2014).

# કોલેજ ન્યૂઝ

## પ્રવેશોત્સવ

શ્રી એસ. આર. પટેલ બી. એડ્. કોલેજ, સુરતમાં તા.-૧૬/૬/૧૪ના રોજ તાલીમાર્થીઓનો સત્કાર સંમારંભ યોજાયો હતો. જેમાં દરેક તાલીમાર્થીનું કુંકુથી તિલક કરી પુષ્પથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ઈ. ચા. આચાર્ય ડૉ. અરવિંદભાઈ ટાંકે આવકાર પ્રવચન આપ્યું હતું અને સંસ્થાના નિયામક શ્રી મહેશભાઈ પટેલે પ્રાંસંગિક ઉદબોધન કરી જીવનમાં શિક્ષણનું મહત્વ સમજાવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સચાલન પ્રા. અરવિંદભાઈ વણકરે કર્યુ હતું.

શ્રી એસ. આર. પટેલ બી. એડ્. કોલેજ, સુરતમાં તા. ૧૬/૬/૧૪ના રોજ તાલીમાર્થીઓનો સત્કાર સંભારંભ યોજાયો હતો. જેમાં દરેક તાલીમાર્થીનું કંકુથી તિલક કરી પુષ્પથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ઈ. ચા. આચાર્ય ડૉ. અરવિંદભાઈ ટાંકે આવકાર પ્રવચન આપ્યું હતું અને સંસ્થાના નિયામક શ્રી મહેશભાઈ પટેલે પ્રાંસગિક ઉદબોધન કરી જીવનમાં શિક્ષકનું મહત્વ સમજાવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. અરવિંદભાઈ વણકરે કર્યુ હતું.

બી. પી. બારીયા સાયન્સ ઈન્સ્ટીટયુટ, નવસારીમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ આચાર્ય ડૉ. દીનાબેન ચાંપાનેરીની અધ્યક્ષતામાં યોજાઈ ગયો. કોલેજની દૈનિક પ્રાર્થનાથી શરૂ થયેલ કાર્યક્રમમાં આચાર્યા ડૉ. દીનાબેને વિદ્યાર્થીઓને મૂળભૂત વિજ્ઞાન શાખાની અગત્યતા વિશે માહિતગાર કરી પ્રોત્સાહિત કર્યા હતા. વિદ્યાર્થીઓ સમક્ષ કોલેજની માહિતી આપતી એક ડોકયુમેન્ટરીની પણ દ્રષ્ય શ્રાવ્ય રજૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપાચાર્ય પ્રો. આર. એન. ઠાકોર, વિવિધ વિભાગના અધ્યક્ષશ્રીઓ તેમજ સ્ટાફ મિત્રો હાજર રહયા હતા.

## સેમિનાર

સુરતની સી. ડી. પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથીક મેડીસીન એન્ડ હોસ્પિટલ સુરત ખાતે ૨૮/૬/૧૪ના રોજ થર્ડ ઈયર તથા ફોર્થ ઈયર બી. એચ. એમ. એસ.ના વિદ્યાર્થીઓ માટે હોમિયોપેથીક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્પીકર તરીકે  ડૉ. દેવાંગ શાહ હતા. આ સેમિનાર કોલેજ તથા the other song international Academy of Advanced Homoeopathy ના tie uo ના ઉપક્રમે થયું હતું, આવું tie up સમગ્ર ભારતમાં સૌ પ્રથમવાર થયું છે. તા. ૨૮/૬/૧૪ના સેમિનારમાં મુખ્ય મહેમાન ડૉ. પરેશ પટેલ સિન્ડિકેટ મેમ્બર તથા અતિથી વિશેષ તરીકે ડૉ. રાજન પટેલ અને ડૉ. શૈલેશ શાહ ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમનું આયોજન ઈ.ચા. આચાર્ય ડૉ. વિપુલ શાસ્ત્રી દ્વારા તથા માર્ગદશન સંસ્થાના ચેરમેન ડૉ. દશરથભાઈ ડી. પચ્ચીગર તથા સેક્રેટરી શ્રી સમીરભાઈ દ્વારા થયું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ. સૂચેતા પંડિત દ્વારા કરવામાં આવ્યું હતું.

## સ્પર્ધા

શ્રી એમ. કે. મેહતા કોલેજ ઓફ ઉમરગામમાં ભજન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં પ્રથમક્રમે પટેલ નિકિતાબેન બી. અને દ્વિતીયક્રમે આહિર સેજલબેન આઈ. વિજેતા થયા હતા. આ ઉપરાંત મેંહદી સ્પર્ધામાં પ્રથમ ક્રમે ટંડેલ જીરલ એચ. અને બીજાક્રમે પટેલ અનિતા બી. વિજેતા થયા હતા.

શ્રી એસ. આર. પટેલ બી. એ. કોલેજ, સુરતમાં અલુણાવ્રત નિમિત્તે તા. ૧૦/૭/૧૪ના મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં પટેલ મોનિકા ચંદુભાઈ પ્રથમ ક્રમ, કાદરી ઉમ્મેહાની સૈયદઅલી દ્વિતીય ક્રમ અને મિસ્ત્રી ઝકીયાબાનુ ગુલામશબ્બીર એ તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. જેમાં નિર્ણાયક તરીકે પ્રા. વૈદ્ય રેશ્મા એ. અને પ્રા. શીતલ વી. એ. ભૂમિકા ભજવી હતી.

વિવેકાનંદ કોલેજ ફોર બી. એડ્, સુરતમાં મહેંદી અને બુકે-હાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહેંદી સ્પર્ધામાં પ્રથમ ક્રમે અરૂણા એસ., દ્વિતીય ક્રમે સૌમૈયા નેહાલી એ. અને તૃતીય ક્રમે સોલંકી ક્રિષ્ના આર અને બુકે-હાર સ્પર્ધામાં પ્રથમ ક્રમે કાલગુડે ઉપાસના એ. વિજેતા જાહેર થયા હતા. મહેંદી સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની ભૂમિકા પ્રા. ડો. પારૂલબેન નાયક અને પ્રા.ડો. પત્રલેખાબેન બારડે તેમજ બુકે-હાર સ્પર્ધામાં નિણાર્યક તરીકેની ભૂમિકા પ્રા. વલ્લભભાઈ ઠંઠ અને પ્રા. ડૉ. મિનાક્ષીબેન જરીવાલાએ ભજવી હતી.

## વ્યાખ્યાન

એમિટી બી. એડ્. કોલેજ, ભરૂચમાં ૮/૭/૧૪ના દિવસે પ્રવચનશ્રેણી અંતર્ગત ભરૂચ શહેરની જે. પી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજના સંસ્કૃત વિભાગના પ્રોફેસર ડૉ. સીતાબેન ડી. પટેલનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. તેમણે તેમના વકતવ્ય દરમિયાન પ્રશિક્ષણાર્થી મિત્રોને જીવનમાં સંસ્કૃત ભાષાનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે શિક્ષણના દરેક વિષયનો સંસ્કૃત સાથે અનુંબંધ વિવિધ ઉદાહરણો દ્વારા રજૂ કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. ભાવના પુવાર, સ્વાગત પ્રવચન નિયામકશ્રી પ્રકાશ મહેતા, મહેમાનનું પુસ્તકથી સ્વાગત પ્રા. કલ્પેશ પટેલ, મહેમાનનો પરિચય પ્રા. પારૂલ પટેલ અને આભાર દર્શન પ્રા. મેઘા તડવીએ કર્યું હતું.

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં તા. ૮/૭/૧૪ના રોજ ''ખાંયણા-એક આદ્‌ભૂત સાંસ્કૃતિક વારસો'' વિષય પર ચીખલી કોલેજના શ્રીમતિ રમિલાબેન ડી. મહેતાએ વ્યાખ્યાન આપ્યું હતું. વકતાશ્રીનું સ્વાગત અને પરિચય આચાર્ય ડૉ. કિશોરભાઈ નાયકે આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે સાંસ્કૃતિક વારસાના જતન અને સંવર્ધનમાં શિક્ષકની ભૂમિકા ખુબ જ મહત્વની ગણી શકાય. શ્રીમતિ રમિલાબેને પોતાના અસરકારક અને પ્રભાવાશાળી વકતવ્યમાં ખાંયણા કોને કહેવાય? તેની ઉત્પતિ, તેનો ઈતિહાસ, તેના વિવિધ પ્રકારો, ખાયણાની રચના વગેરે વિશે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી અને સાથે ખાંયણાનું ગાન કરીને ભૂલતા જતા આ સાંસ્કૃતિક વારસાને જીવંત કરવા પ્રયાસ કર્યા હતા. વકતવ્યના અંતે પ્રશિક્ષણાર્થીઓએ હકારાત્મક પ્રતિભાવ આપી પૂર્ણસંતોષ કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન અને કાર્યક્રમની આભારવિધિ પ્રાધ્યાપિકા શ્રીમતિ શીતલબેન વસાવાએ કરી હતી.

## ઊજવણી

આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મોટાપોઢામાં જ્ઞાનધારા અંતર્ગત તા. ૧૨-૭-૧૪ના રોજ ગુરુપૂર્ણિમા દિનની ઉજવણીની શરૂઆત પ્રા. અલપાબેન પટેલે ગુરુવંદનાથી કરી. ગુરુપૂર્ણિમા મહિમા વિશે શીતલ પટેલ, જાગૃતિ થોરાટ અને અંતિમા પાંડેએ અનુક્રમે, ''ગુરુપૂર્ણિમાને વ્યાસપૂર્ણિમા શા માટે કહેવાય,'' ''આધુનિક સમયે ગુરુઓની બદલાતી વ્યાખ્યા'' અને ''ગુરુ મહિમા'' અંતર્ગત વાતો રજૂ કરી પ્રા. અરવિંદસિંહ ઠાકોરે પ્રેરક સંદેશો પૂરો પાડયો, પ્રા. પ્રતિભાબેને ગુરુ અને શિક્ષક વચ્ચેનો ભેદ સમજાવ્યો અને પ્રા. શીલાબેને એમના વકતવ્યમાં ઈશ્વરપ્રાપ્તિનો માર્ગ ચીંધી બતાવ્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. આશા ગોહિલે તથા આભારવિધિ પ્રા. હિતેશભાઈ પટેલે કરી હતી.

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં તા. ૧૨/૭/૧૪ના રોજ ગુરૂપૂર્ણિમાની ઉજવણી થઈ હતી. ૐકાર નાદથી શરૂ થયેલા કાર્યક્રમમાં સૌ તાલીમાર્થીઓએ ગુરુવંદના પ્રાર્થના સ્વરૂપે રજુ કરી હતી. ત્યારબાદ સૌ અધ્યાપકોનું પુષ્પથી અભિવાદન કરવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓએ 'વેદવ્યાસ એક પરિચય', 'ગુરુનું જીવનમાં મહત્વ,' 'ગુરુ શિષ્ય સંબંધ', 'વર્તમાન સમયમાં ગુરુ પરંપરાનુ સ્વરૂપ' જેવા વિષયો પર પોતાના મૌલિક વિચારો વ્યકત કર્યા હતા. તથા ગુરુનો મહિમા વ્યકત કરતાં ભજનો, દોહા, ગીતો પણ સામુહિક અને વ્યકિતગત રજુ કરીને સમગ્ર કાર્યક્રમને ભાવસભર બનાવ્યો હતો. પ્રા. ડૉ. મનસુખભાઈ પટેલે ગુરુના લક્ષણો બાબતે પોતાના વિચારો રજુ કર્યા હતા. આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈ નાયકે સૌના સહિયારા પ્રયાસને બિરદાવીને જણાવ્યું હતું કે ગુરુપૂર્ણિમા એટલે સહુમાં રહેલા સદગુણો રૂપી ગુરુતત્વને પુર્ણિમાના ચંદ્રની જેમ પ્રકાશિત કરવા. ગુરુ અને શિક્ષક વચ્ચેનો તાત્વિક ભેદ સપષ્ટ કરી એમણે સહુને ગુરુતત્વની ઉપાસના કરવા માટે પ્રેરિત કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીની દિવ્યાબેન અને નિલમબેને કર્યુ હતું. પ્રા. ડૉ. વિનય પટેલના આયાજન હેઠળ તૈયાર થયેલ આ કાર્યક્રમની આભારવિધિ પ્રા. કુ. સ્નેહાબેન ટેલરે કરી હતી.

સુરતની ચંદ્રાવતિબેન ધનસુખલાલ પચ્ચીગર કોલેજ ઓફ હોમિયોપેથીક મેડીસીન એન્ડ હોસ્પિટલ સુરત, ખાતે તા.૧૨/૭/૧૪ના રોજ ગુરુપૂર્ણિમા પર્વની વિદ્યાર્થીઓ દ્વારા પોતાના

ગુરુજનોનું સન્માન કરી ઉજવણી કરવામાં આવી. આ સમારંભમાં ડૉ. દિનેશ ગોહેલ (આચાર્ય-હોમિયોપેથીક મેડીકલ કોલેજ,જયપુર) મુખ્ય મહેમાન હતા. ચેરમેન ડૉ. દશરથભાઈ પચ્ચીગર તથા આચાર્યશ્રી ડૉ. વિપુલ શાસ્ત્રી દ્વારા પ્રેરક ઉદ્‌બોધનો થયા હતા. આ કાર્યક્રામમાં ટ્રસ્ટના સેક્રેટરીશ્રી સમીરભાઈ પચ્ચીગર પણ ઉપસ્થિત રહયા હતા. હાલીમા અને વિશાલ દ્વારા ગુરુપૂર્ણિમા વિશે વકતવ્યો રજૂ થયા હતા. કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થી ધોધારી અયાઝ દ્વારા કરવામાં આવેલ હતું.

શ્રી સર્વોદય શિક્ષણ મંડળ સંચાલિત, બી. એડ્. કોલેજ. ઘોડદોડ રોડ, સુરતમાં તારીખ : ૧૨/૭/૧૩ના રોજ 'ગુરુપૂર્ણિમા' ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તાલીમાર્થી ભાઈઓ-બેહનો તરફથી ગુરુનો મહિમા પ્રગટ કરતા ભજન, ગીતા અને વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સંસ્થાના માનદ્‌મંત્રી શ્રી મનહરભાઈ ચૌહાણ ઉપસ્થિત રહયા હતા. ઈન્ચાર્જ આચાર્યશ્રી કમલેશભાઈ ડામોરે આભાર વિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી ગામીત જલીતા અને ગોહેલ મિતુલે કર્યું હતું.

વિવેકાનંદ કોલેજ ફોર બી. એડ્, સુરતમાં ગુરુપૂર્ણિમાની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. તાલીમાર્થીઓએ પ્રાર્થનાની રજૂઆત કર્યા બાદ સર્વ ગુરુજનોનું ગુરુવંદનાના શ્લોકો સાથે કકું-ચોખા-પુષ્પ વડે પૂજન કર્યું હતું. તાલીમાર્થીઓએ ગુરુનો મહિમા દર્શાવતા ભજન અને વકતવ્ય રજૂ કર્યા હતા. ઈ.આચાર્ય ડૉ. દિલીપભાઈ પટેલ તથા પ્રાધ્યાપકોએ પણ ગુરુનું માહત્મ્ય દર્શાવીને સર્વ તાલીમાર્થીઓને આર્શિવચનો પાઠવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી સોમૈયા નેહાલીએ કર્યું હતું.

શિક્ષણ ભારતી કોલેજ ઑફ એજ્યુકેશન, સુરતમાં તા. ૧૧/૭/૧૪ને વિશ્વ વસતી દિનની ઉજવણી પ્રસંગે તાલીમાર્થીઓ દ્વારા વસ્તી સમસ્યાને 'વસ્તી નિયંત્રણ એક જાગૃતિ' અંતર્ગત વિવિધ વકતવ્યો રજૂ થયા. તેમજ નાટક રજૂ કરવામાં આવ્યું. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી પટેલ દામિનીએ કર્યું હતું. તેમજ તાલીમાર્થીઓ દ્વારા વિવિધ બુલેટિન, ચાર્ટ ગ્રાફ રજૂ કરવામાં આવ્યા. આચાર્યશ્રી ડૉ. કે.વી.દેસાઈ દ્વારા પ્રસંગોચિત ઉદ્‌બોધન રજૂ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન, માર્ગદર્શન અને તૈયારી આ પ્રોફેસર ભાવિના દેસાઈ, આ. પ્રોફેસર નીતા મોહિતે તથા આ. પ્રોફેસર હેતલ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની આભારવિધી શેખ શોફિયા દ્વારા કરવામાં આવી હતી.

ભગવાન મહાવીર એજ્યુકેશન ફાઉન્ડેશન સંચાલિત બી. એડ્., કોલેજ, વેસુ, ભરથાણામાં સંયુકત ઉપક્રમે ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી. ગુરુઓનું સ્વાગત પુષ્પ આપી પ્રશિક્ષણાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું. આચાર્યશ્રી ડૉ. કે. વી. દેસાઈ તથા પ્રા. નિહારિકા પટેલ દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન-આર્શીવચન પાઠવવામાં આવ્યા. પ્રશિક્ષણાર્થીઓ દ્વારા ગુરુનો મહિમા દર્શાવતા વિવિધ ભજનો, વકતવ્યો, સુવિચારો, પોસ્ટર, નાટક રજૂ કરવામાં આવ્યા. કાર્યક્રમનું આયોજન તેમજ માર્ગદર્શન, તૈયારીઓ પ્રા. કલ્પનાબેન પટેલ તથા પ્રા. રાજેન્દ્રભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવી હતી. અને આભારવિધી પ્રશિક્ષણાર્થી જીજ્ઞા પટેલ કરી. કાર્યક્રમનું સંચાલન મિતાલી દેસાઈ અને સોબીયા શેખ દ્વારા કરવામાં આવ્યું.

શ્રી એસ. આર. પટેલ બી. એડ્ કોલેજ, સુરતમાં તા. ૧૨/૭/૧૪ના રોજ ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ૧૫ જેટલા તાલીમાર્થીઓએ ગુરુપૂર્ણિમા નિમિત્તે, ગુરુનું મહત્વ દર્શાવતા વકતવ્યો આપ્યા હતા. તેમજ પાવર પોઈંટ પ્રેઝન્ટેશન પણ તૈયાર કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જોષી કિંજલબેને કર્યું હતુ.

## આરોગ્ય

ઉત્તમ ગુજરાત પાટીદાર મિત્ર મંડળ દ્વારા વી. એમ. એસ. પટેલ કોલેજમાં યોજાયેલ બ્લડ ડોનેશન, આંખોની તપાસ અને બોડીચેકપ કાર્યક્રમમાં દરેક સભ્યને ફ્રીમાં બોડીચેકપ અને આંખોની તપાસ કરી આપવામાં આવી હતી. રાજૂલ હેમેશ પટેલ દ્વારા બોડીનું સંપુર્ણ એન્થ્રોપોમેટ્રીકમેઝરમેન્ટ પ્રમાણેની તપાસ કરવામાં આવી હતી ડૉ. રામજીભાઈ પટેલે પ્રેશર તથા નરેશભાઈ પટેલે આંખોની તપાસ કરી હતી. બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૫ સભ્યોએ બ્લડ ડોનેટ કર્યું હતું. જેઓને લબ્ધી જવેર્લસ અને બાબુભાઈ આર. પટેલ તરફથી ચાંદીની મુરતી આપવામાં આવી હતી. ઉત્તમ ગુજરાત પાટીદાર મિત્ર મંડળના પ્રમુખ ભાવેશભાઈ, મંત્રીશ્રી મહેન્દ્રભાઈ અને તમામ કારોબારી સભ્યોએ આ પ્રવૃતિને બીરદાવી અને આભિનંદન પાઠવ્યા હતા.

## એન.એસ.એસ.

રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત રોફેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વાપી ખાતે યોજાયેલ ત્રિદિવસીય વર્કશોપમાં વલસાડની શાહ એન. એચ. કોમર્સ કોલેજનાં ૧૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં શીઘ્ર વકતૃત્વ સ્પર્ધામાં વિતાન વોર પ્રથમ ક્રમે તથા કુ. કલ્યાણી કલ્યાણી દ્વિતીય ક્રમે, વાર્તાલેખનમાં કુ. ઝીલ દેસાઈ પ્રથમ ક્રમે, દેશભકિતગીતમાં કુ. સોનાલી પ્રજાપતિ પ્રથમ ક્રમે, શીઘ્ર રેખાચિત્ર સ્પર્ધામાં શ્રી વિતાન વોરા પ્રથમક્રમે, સોય-દોરા સ્પર્ધામાં કુ. સોનલી પ્રજાપતિ પ્રથમ ક્રમે તથા સોનુ પ્રજાપતિ દ્વિતીય ક્રમે વિજેતા થયા હતા. આ શિબિરમાં વલસાડની આર્ટસ, કામર્સ અને સાયન્સ કોલેજ તથા પારડી, ધરમપુર, મોટાપોઢા, વાપી તથા હાઈસ્કૂલનાં એન. એસ. એસ. યુનિટ મળી ૧૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

## વૃક્ષારોપણ



ઉત્તર ગુજરાત પાટીદાર મિત્ર મંડળના સભ્યો દ્વારા વી. એસ. પટેલ કોલેજ, સુરતમાં વૃક્ષો વાવવામાં આવ્યા હતા. અને કોલેજ કેમ્પસને વધુ હરિયાળુ બનાવવા માટે સહકાર આપવા નકકી કરવામાં આવ્યું હતું. વૃક્ષારોપણની સાથે દરેક સભ્યને કુંડામાં છોડ વાવી કુંડા આપવામાં આવ્યા હતા અને ઘરની આસપાસ લગાવવા માટે ફૂલ છોડના ઝાડ આપવામાં આવ્યા હતા, આ કાર્યક્રમમાં આચાર્ય ડૉ. એમ. એન. વશી અને તેમના ધર્મ પત્ની શ્રીમતી સંગીતાબેન વશી, ભાવેશભાઈ દેવતા. અશોકભાઈ, બાબુભાઈ, રામજીભાઈ, કલ્પનાબેન અને કાશ્મીરાબેન અને અન્ય સભ્યોએ કોલેજમાં વૃક્ષો વાવ્યા હતા.

## વાંચન વિશેષ

**મહાભારત**

અનુ.: ચંદ્રશંકર પ્રાણશંકર શુકલ

મુંબઈ: વોરા એન્ડ કંપની, ૧૯૪૬. પૃ. ૧૪૬. રૂા. ૨.૦૦

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના Indian Philosophy Vol.I ના પ્રકરણ ૮ નો અનુવાદ આ પુસ્તક છે. આવા અદ્વિતીય ગ્રંથના વિષયમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન જેવા અદ્વિતીય પ્રતિભાશાળી તત્વજ્ઞના વિચારો પ્રેરક અને મનનીય છે. રાધાકૃષ્ણને પ્રાચીન ભારતીય સંસ્કૃતિનું સમગ્ર દર્શન કરી, 'ભારતીય તત્વજ્ઞાન' ઈત્યાદિ ગ્રંથો દ્વારા તે સંસ્કૃતિનું ગૌરવ જગતને દર્શાવ્યું છે, અને ભારતવર્ષના અર્વાચીન ઋષિ તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરેલ છે. મહાભારતની ચર્ચા કરતાં રાધાકૃષ્ણને રામાયણ, મનુસ્મૃતિ અને શ્વેતાશ્વતરોપનિષદ વિશે પોતાના મનનીય અભિપ્રાયો દર્શાવ્યા છે.

અનુવાદક આ પુસ્તક વિષે નોંધે છે કે, 'વિશાળ ઐતિહાસિક દ્રષ્ટિએ જોઈએ તો હિંદુ ધર્મ એ ભાગીરથી ગંગાના પ્રવાહ જેવો ધીરે ધીરે નાનામાંથી મોટો દેખાય છે. સેકંડો વરસનાં કાળતારોમાં થઈને તે જેમ જેમ આગળ વધતો જાય છે તેમ તેમ તેમાં સર્વ સારી ને સાચી વસ્તુઓના ઈતર પ્રવાહો આવીને મળે છે. આવા અનેક સંપ્રદાયોરૂપી પ્રવાહનો સંગમ થતો મહાભારતમાં કેવો બતાવ્યો છે, ને બ્રાહ્મણધર્મ એ વિશાળ રૂપ ધારણ કરીને હિંદુધર્મ કેમ બને છે, એનું નિરૂપણ રાધાકૃષ્ણને આ પુસ્તકમાં કરેલું છે. એ ભિન્ન ભિન્ન સંપ્રદાયો વિષે વાચકોનાં મનમાં જીજ્ઞાસા વધે, ને તે અલ્પ અંશે પણ સંતોષાય, એટલા હેતુથી કેટલાંક ટિપ્પણો તો કેવળ અંગુલિનિર્દેશરૂપે આપ્યાં છે.

આ  પુસ્તકમાં ૧). બ્રાહ્મણધર્મની નવરચના, ૨). મહાભારત, ૩). રચનાકાળ અને કર્તા, ૪). રામાયણ, ૫). એ યુગના પ્રચલિત વિચારો, ૬). દુર્ગાપૂજા, ૭). પાશુપત સંપ્રદાય, ૮). વાસુદેવ-કૃષ્ણ, ૯). મહાભારતનું સૃષ્ટિવિજ્ઞાન, ૧૦). નીતિનિયમ અને સદાચાર, ૧૧). શ્વેતાશ્વતરોપનિષદ, ૧૨). મનુસ્મૃતિ અને લેખક અને અનુવાદકનાં ટિપ્પણો સમાવેશ પામે છે.

ભારતીય સાહિત્ય અને સંસ્કૃતિના ઈતિહાસમાં મહાભારતનું સ્થાન અપ્રતિમ છે. શબ્દવિસ્તાર અને અર્થગૌરવની  દ્રષ્ટિએ એ ગ્રંથ વાસ્તવિક રીતે મહાન જ છે. પાંડવ કૌરવોના ઐતિહાસિક યુધ્ધના બીજમાંથી ભારતવર્ષના પ્રાચીન પ્રતિભાસંપન્ન મુનિઓએ એક મહાવૃક્ષ ઉત્પન્ન કર્યું છે, અને એ વૃક્ષની-આપણા 'કબીરવડ'ની-છાયા નીચે ભારતવાસીઓએ આજ સુધી પોતાનાં જ્ઞાન, કર્મ અને શકિતને પોષ્યા છે; વિવિધ અને વિરુધ્ધ તત્વોનો સમન્વય સાધી દેશની અખણ્ડતા સિધ્ધ કરી છે; અને રાષ્ટ્રભાવનાને જાગૃત રાખી છે.

ઉપોદઘાતમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન દર્શાવે છે કે : આપણી નીતિભાવનાનો વિકાસ ને તેની કેળવણી એ બંનેમાં કલાકારોની કૃતિઓ ગણો મોટો ફાળો આપે છે. નિરક્ષર લોકોનાં મન ઉપર પણ, તેઓ જાણે છે એના કરતાં વધારે અંશે, એની અસર પડે છે; કેમ કે, આપણી સંમતિ હોય કે ન હોય તો પણ, કલા એનો પ્રભાવ આપણા પર પડયા વિના રહેતી નથી. અંગ્રેજ કવિ શેલીએ કહેલું કે 'જગત ભલે કબૂલ ન કરે, પણ કવિઓ તેને માટે કાયદા ઘડવાનું કામ તો કરે જ છે.' .. મહાભારતે ભારતવર્ષના આત્મામાં જે કિમતી પાઠ ઠાંસીઠાંસીને ભર્યા છે. દ્રૌપદી અને યુધિષ્ઠર, નળ અને દમયંતી, સાવિત્રી અને સત્યવાન વગેરે પાત્રો મારફતે તે આપણને એક સનાતન સિધ્ધાન્ત એ શીખવે છે કે તપસ્યા ને કષ્ટસહનરૂપી સાધના વાટે જ પૂર્ણત્વની પ્રાપ્તિ કરી શકાય. માણસના મનમાં રહેલી ન્યાયવૃત્તિ સ્વાભાવિક રીતે એમ માને છે કે માણસને મૃત્યુ વગેરે જે દુ:ખો અચૂકપણે ભોગવવાં પડે છે તે માણસના અન્યાય અને દૂરાચારનાં ફળ હોવાં જોઈએ. માણસ માને છે કે દુ:ખ એ પાપની કાળી મૂર્તિનો પડછાયો છે. એવું હંમેશાં હોતું નથી. દુ:ખને સાધનરૂપે વાપરીને આપણી નવી દુનિયાનું ઘડતર કરી શકીએ છીએ. જગતમાં નીતિનિયમનો પૂરો વિજય દુ:ખ ભોગવ્યા વિના થતો જ નથી. જીવનની અકળ ગૂઢતા એ એક યજ્ઞ છે, ને તેમાંથી જ નવી સૃષ્ટિનો જન્મ થાય છે. મહાભારતે ચીતરેલા સમાજમાં દગાફટકા ને છળકપટનું જોર ઘણું છે, અને એ આખી કથામાં યુધ્ધની વાત ને યુધ્ધનું ઝનૂન છલોછલ ભરેલાં છે, એ સાચું. છતાં મહાભારતકાર પોતાનો મત સત્તાલોભી વિરુધ્ધમાં સ્પષ્ટપણે દર્શાવે છે; અને રાજ્યના ચોકઠાને પશુબળ પર રચાયેલું ન માનતાં ધર્માચરણને આધારે ટકી રહેલું માને છે... મહાભારતકાર પોતાના જમાનાના ક્ષણજીવી તરંગોને સંક્ષોભોથી ગભરાઈને હાંફળા-ફાંફળા થતા નથી; પણ ધર્મનું આચરણ પ્રજાની ઉન્નતિમાં સહાયભૂત છે એમ માની; એ સિધ્ધાન્તમાં તેઓ સંમતિનો સૂર પુરાવે છે.'

આ પુસ્તક યુનિવર્સિટી ગ્રંથાલયના 'અલભ્ય પુસ્તક ભંડાર'માં ઉપલબ્ધ છે.

ડૉ. જે.આર. મહેતા
કુલસચિવ

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46  Fax : +91 - 261 - 222 73 12     Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**

**Published by : Dr. J R Mehta, Registrar**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com